સામાજીક કાર્યકર અંજલિબેન
(USA)



શ્રી જયપ્રકાશ અગ્રવાલ
સૂર્યા ફાઉન્ડેશન દિલ્હીના ચેરમેન



કાર્યક્રમનાં મુખ્ય મહેમાન સાંસદશ્રી દીપસિંહ રાઠોડનું પુષ્પગુચ્છ થી અભિવાદન કરી રહેલાં સૂર્યા ફાઉન્ડેશન દિલ્હી ના ચેરમેનશ્રી જયપ્રકાશ અગ્રવાલ



હેન્ડ ક્રાફટસની બનાવટ નિહાળતાં સાસદ શ્રી દીપસિંહ રઠોડ, સામાજીક કાર્યકર અંજલિબેન, સૂર્યા ફાઉન્ડેશન લિ. ના ચેરમેનશ્રી જયપ્રકશ અગ્રવાલ તથા અન્ય મહેમાનશ્રીઓ



માસ પી.ટી. કરી રહેલા શાળાના તમામ કેડેટ્સ



સાંસ્કૃતિક કાર્યક્રમમાં રામ, લક્ષમણ અને હનુમાનની વેશભૂષા ધારણા કરેલ કેડેટ્સ

સાંસ્કૃતિક કાર્યક્રમમાં મટકીફોડ કરતા કેડેટ્સ


વિજ્ઞાન પ્રદર્શનમાં 'બ્લડગ્રુપ' ચેક કરી રહેલાં તાલીમ બધ્ધ કેડેટ્સ


અંતરાયો પાર કરતા વિદ્યાર્થીઓ


મુખ્ય મહેમાન, મુકેશ જી અને વેદ જીના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ


સેરેમોનિયલ પરેડમાં મુખ્ય મહેમાનશ્રીને સલામી આપતા કેડેટ્સ


દિલધડક કરતબો કરીને 'પિરામિડ' બનાવી રહેલાં કેડેટ્સ


ગ્રુપ સોંગ પ્રસ્તુત કરી રહેલાં કેડેટ્સ



દિલધડક કરાટે સ્ટંટ કરી રહેલા કેડેટ્સ

**BEST DRAWING**

# છાત્ર હસ્તકલા સંચ









**Cadet Yuvraj**
Class - 9th B



**Cadet Bhavin**
Class - 9th A



**Cadet Badal**
Class - 8th B




**Cadet Narendra**
Class - 10th A







# ખાસ મહેમાનો દ્વારા શાળા સાથે બેઠક


આદરણીય મંત્રીઓ, શૈક્ષણિક નિષ્ણાત, સામાજિક કાર્યકરો, આઈ.એ.એસ. અધિકારીઓએ અમારી શાળાની મુલાકાત લીધી હતી અને તેઓ શાળા આ પ્રકારની જોવા માટે ખૂબ જ ખુશ હતા. તેમના કેટલાક થોડા શબ્દો છે ...


I express my happiness to visit Sainik School and observing at the improvement so brought by the school staff.
The growing buds of this school manifestes the real increment in the standard of academic and co curricular achievements of the school.
I wish all my best wishes for the students and staff to great heights in their future.
1.12.2011
(Meena Bhatt)
E.D. GSTDREIS


▲ *Ms. Meena Bhatt, Executive Director, GSTDREIS*




▲ **Sh. R. J. Patel, IAS,** *Executive Director-GSTDRIES*


Visited today and our team impressed very much. This school being for the tribal students but it is doing doing wonderful job for future generation We hope this school will shine at national level in future days.
I wish all the best
17.03.12

▲ *Sh. Prakash S. Velip, Former Education Minister, Goa*


The Surya Sainik School is a wonderful establishment preparing the young for a wide variety of responsibilities to carry our young nation forward.
The infrastructure and management is very good. I hope and wish the school progresses by leaps and bounds
All the Best

▲ *Mr. Ajay Prakash, IAS*



સૂર્ય ફાઉન્ડેશન સંચાલિત સૈનિક સ્કૂલના વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રકૃતિના વાતાવરણમાં રાષ્ટ્રીય ભાવના કેળવાય તેવા ગુણો પ્રાપ્ત કરે છે. તે ખૂબ યોગ્ય છે.


આ સંસ્થા [illegible] શાળા વિકાસ સંકુલ ગાંભોઈમાં જોડાયેલ છે.

આ સંસ્થામાં ભવિષ્યમાં રાજ્ય લેવલના કાર્યક્રમો થઈ શકે તેમ છે.

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના કેળવાય છે. તે ખૂબ જરૂરી છે.

આ સંસ્થામાં સારી તાલીમ ચાલે આપાય તેવું વાતાવરણ છે.


▲ *Smt. Jyotiben Solanki, Distt. Education Officer, Sabarkantha*



Visited this school first time after reporting in the NCC Bn. It was a treat to see the extremely well org educational institution where the sense of nationality is being inculcated right from the beginning. The motivated team of education staff under management of Hony Capt Gulab Singh is performing extremely well like a well oiled machine. Thanks for good service to the young buds and overall to the nation. Wishing you all the very best

Lt Col.

▲ *Lt. Col. B.K. Thakur, CO 34 NCC BN. Gujarat*




1.2-14 to 28-2-2014 Archery camp is very Good here in Surya Eklavya Sainik School (SESS) Kheranda, Gujrat.
Best wishes All staff. Limbaram Olympian.

To day I visited Surya foundation School. I appreciate hard work of staff for school children. My all good wishes to the staff and children for their hopes.

2014

▲ *Mr. Limbaram Ahari, Olymian & Archery Coach*



An excellent team doing wonderful work. Sky is the limit! With Best wishes

▲ *Brig. A.S. Hargem, Group Commander, NCC*

## ગુણકારી આબળું



આંબળું સો રોગોની અસરકારક દવા છે. ઓક્ટોબરથી માર્ચ સુધી છ મહિના સતત તાજાં આંબળા મળે છે. આંબળા રોજ ખાવાથી આંખોનું તેજ વધે છે.

દાંત મજબુત બને છે અને ખરાબ થતા નથી, તેમાં વીટામીન 'સી' પુષ્કળ માત્રામાં હોય છે. જેનાથી ઉદરસ, શરદી અને શ્વાસના રોગો મટે છે. ચહેરાની સુંદરતા વધે છે. વાળ સફેદ નથી થતા અને ભૂખ પણ વધે છે. આને ફળોની સાથે મિલાવીને, જ્યુસ બનાવીને પીઓ.

# હોબીક્લબ

## પ્રતિભા અને ક્ષમતા તેમના શોખ વિકાસ માટે



**કમ્પ્યુટર ક્લબઃ** *વિદ્યાર્થીઓને કમ્પ્યુટર ક્લબ દ્વારા પ્રાયોગિક ધોરણે ટાઈપીંગ, પેઇંટીંગ, પ્રેઝન્ટેશન, સ્લાઈડ શો, કમ્પ્યુટરના ભાગો અને વિવિધ સોફ્ટવેરનું જ્ઞાન આપવામાં આવે છે.*



**સંગીત કલબ :** *વિદ્યાર્થીઓને સંગીતના વિવિધ રાગ, તાલ, લય દ્વારા ગાયન અને વાદનનું વિવિધ વાદ્યય યંtt દ્વારા જ્ઞાન આપવામાં આવે છે અને સંગીત પ્રત્યે જાગૃત કરવામાં આવે છે.*






**ઈકો ક્લબ :** *વિદ્યાર્થીઓને વિદ્યાલય પરિસર, આવાસ પરિસર, રૂમ લે-આઉટ, મેદાન વગેરેની સફાઈ કરવાની પ્રાયોગિક ધોરણે સમજ આપવામાં આવે છે. બાગ-બગીચા અને વૃક્ષોની માવજત અને સારસંભાળ પરત્વે જાગૃત કરી પ્રકૃતિપ્રેમ તરફ વાળવામાં આવે છે.*



**ડાન્સ કલબ :** *વિદ્યાર્થીઓને નૃત્યના વિવિધ સ્ટેપ દ્વારા ગરબા, ડાન્સ, અભિનય વગેરે શીખવવામાં આવે છે.*




**સાયન્સ કલબ :** *વિદ્યાર્થીઓને વિજ્ઞાનનું સંશોધન, પ્રાયોગિક મહત્ત્વ, નિદર્શન અને વિવિધ રાસાયણો વિશે પ્રાયોગિક ધોરણે જાણકારી આપવામાં આવે છે.*



▲ **વિડીઓ અને ફોટોગ્રાફી કલબ :** *વિદ્યાર્થીઓ ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીમાં બેકગ્રાઉન્ડ, ટાઈપીંગ, શેપ, લાઈટીંગ સાથે કેમેરાનો ઉપયોગ પ્રાયોગિક ધોરણે સમજાવવામાં આવે છે.*



▲ **આર્ટ એન્ડ ક્રાફટ કલબ :** *વિદ્યાર્થીઓને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પદ્ધતિ, વિવિધ પ્રકારના ચિત્રસંયોજન, ભરતકામ, પેપરવર્ક, સ્પ્રેવર્ક, કલર કોમ્બીનેશન વગેરે શીખવવામાં આવે છે.*






▲ **ટ્રાયબલ એન્ડ કલ્ચરલ કલબ :** *વિદ્યાર્થીઓને સદ્‌ગુણ, નીતિ, નિયમ, સંસ્કાર, બોધ વગેરેનું જ્ઞાન થાય તે માટે લોકગીત, ભજન, ભાતીગળ નૃત્ય વગેરે પ્રવૃત્તિઓ દ્વારા સાંસ્કૃતિક જ્ઞાન આપવામાં આવે છે.*





**નેચુરોપેથી કલબ :** *કુદરતી ચિકિત્સા અનુસાર માટીસ્નાન, ધૂપસ્નાન, તેલ માલીશ, કટીસ્નાન, ઉષાપાન, વમન, એનિમા જેવી વિવિધ પદ્ધતિઓની ઉપચારાત્મક સમજ અને જાણકારી આપવામાં આવે છે.*

# ઘોષ (સ્કૂલ બેંડ)

વિદ્યાલય માટે ખૂબ ગૌરવની વાત છે કે અભ્યાસના થોડા જ સમયમાં વિદ્યાલયમાં ૫૦ વિદ્યાર્થીઓનું એક મજબૂત બેન્ડ ગ્રુપ તૈયાર થયું છે. આદિજાતિના વિદ્યાર્થીઓને જન્મજાત ગીત સંગીતમાં રુચિઓ હોય જ છે. થોડાક માર્ગદર્શનથી તેઓ વાદનમાં શ્રેષ્ઠ બની જાય છે. ઝારખંડના પ્રખ્યાત બેન્ડ માસ્ટર શ્રી રાજેશજીના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ ડ્રમ, બ્યુગલ, વંશીની અનેક રચનાઓને કુશળતાપૂર્વક વગાડી શકે છે. બેન્ડના નિયમિત અભ્યાસથી અત્યારે એ સ્થિતિ છે કે જીલ્લા કે રાજ્ય સ્તરના કોઈ સરકારી કાર્યક્રમોમાં વિદ્યાલયના બેન્ડ ગ્રુપ ને નિમંત્રણ આપીને તેનું વાદન કાર્યક્રમ કરાવાય છે. ઘોષદલના પ્રમુખ તરીકે માસ્ટર શ્રી અનંતદીપજીના માર્ગદર્શન પણ મળે છે.



રાજપીપળા ખાતે આયોજીત સ્પોર્ટ્સમીટ દરમિયાન શ્રી મંગુભાઈ પટેલ (આદિજાતિ વિકાસ ખાતાના મંત્રી) સમક્ષ ઘોષ રજૂ કરતા કેડેટ્સ








ઘોષ પ્રસ્તુતિ વિવિધ રચના

ઓબ્સ્ટેકલ્સ કોર્ષમાં ટ્રેનીંગ આપવાનો ઉદ્દેશ્ય એ છે કે કેડેટ્સમાં સાહસ અને આત્મવિશ્વાસ વધે તથા તે કોઈ પણ પ્રકારના અવરોધોને દૂર કરવા નીડર બની રહે. આ કોર્ષમાં ૯ ફૂટ ડીચ, ૬ ફૂટ દિવાલ, દમદમા, કાંટાવાળી ક્રોલ ટ્રેન્ચ, મન્કી રોપ, બેલેન્સ ગેટ, દિવાલ અને જમણી-ડાબી દિવાલ જોડાયેલાં છે બધા કેડેટ્સ આ કોર્ષમાં ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લે છે.

વિદ્યાલયમાં ફ્રીઝી તાલીમનો આ એક ભાગ - ઓબ્સ્ટેકલ્સ કોર્ષ


સ્ટ્રેટ બેલેન્સ


મંકી રોપ


બારબેડ વાયર ક્રોલ ટ્રેંચ


દમ-દમા


૬ ફૂટ દીવાલ


જમણી દીવાલ-ડાબી દીવાલ


દીવાલ


9 ફુટ ખાઈ

# સ્કૂલ એન.સી.સી.




વર્ષ ૨૦૧૦માં ૩૪ ગુજરાત બટાલિયન એન.સી.સી. દ્વારા જુનિયર ડિવિઝન ૫૦ કેડેટસના એક ટ્રોપની સ્થાપના કરવામાં આવી. સ્કૂલ એન.સી.સી. શિક્ષકશ્રી દીપકભાઈ દવે તથા એન.સી.સી. ટ્રેનિંગ ઈન્સ્ટ્રકટરની ઉત્તમ ટ્રેનિંગ દ્વારા અમારી એન.સી.સી. ટ્રોપે દિવસની બે ગણી અને રાતની ચાર ગણી પ્રગતિ કરી.

વર્ષ ૨૦૧૧-૧૨ માં એન.સી.સી. ગણતંત્ર દિવસ પરેડમાં અમારી ટ્રોપે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વર્ષ ૨૦૧૪માં એન.સી.સી.ની સંખ્યા વધારીને ૧૦૦ સંખ્યા કરવામાં આવી છે.

આપણા ૧૦૦ કેડેટ્સે 'એ' પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યુ છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં કેડેટ્સ નિનામા જયદીપે રાયફલ શુટિંગમાં રાષ્ટ્રીય સ્તર સુધી ભાગ લીધો હતો. આ પ્રકારે કેડેટ રાઠવા રામસિંહે ટી.એસ.સી.ના આઠ કેમ્પોમાં ભાગ લીધો હતો.

# મારો કરાટેનો અનુભવ





Cadet Mehul
Class : 10th

હું જ્યારથી આ શાળામાં આવ્યો ત્યારથી મારે કરાટેમાં જોડાવાની તીવ્ર ઈચ્છા હતી. છઠ્ઠા ધોરણમાંથી જ કરાટેમાં જોડાયો હતો. ત્યારના અમારા કરાટેના ગુરુ(શિક્ષક) વિજયસર હતા. સમય જતાં કરાટેમાં ખૂબ વિકાસ થયો અને ગયાવર્ષથી અમારી શાળામાં બેલ્ટ પ્રાપ્ત કરવા માટેનો કોર્ષ ચાલું થઇ ગયો. અને અમારા નવા કરાટેના શિક્ષક શ્રી રામચંદ્રસર છે તે અમને ખૂબ સારી રીતે અને એક એક સ્ટેપ ચીવટતાથી શીખવાડે છે.

અમે ગયા વર્ષથી ચાલું કરેલો કોર્ષ ચાર મહિનામાં થતો કોર્ષ લગભગ બે મહિનામાં પુરો કર્યો અને આના ટેસ્ટ(પરીક્ષા) માં મુંબઈ ઓથોરીટીનાસર રાહુલ તાવડેસર આવ્યા હતા અને અમારી પરીક્ષા લીધી હતી. શાળાના કરાટેના બધા જ વિદ્યાર્થીઓ પાસ થઇ ગયા અને હું પણ સારા નંબરે પાસ થયો તે પ્રેક્ટીકલ પરીક્ષા હતી અને બધા વિદ્યાર્થીઓએ ઓરેન્જ(કેસરિ) બેલ્ટ પ્રાપ્ત કર્યો. અને અમારે બ્લેક બેલ્ટ સુધી પહોંચવાની સફર ચાલું થઇ ગઈ. વિદ્યાથીઓ કરાટે સ્પોર્ટ્સ ગેમ્સમાં રાજ્ય સુધી ગયા છે.

મેં મારી સૌથી પ્રિય રમત કરાટેને ગણી છે. મેં પણ કરાટે ગેમ્સમાં ઘણી મહેનત કરીને આગળ કેપ્ટનની પદવી પ્રાપ્ત કરી છે **મેં જીલ્લા સ્તરની કરાટે ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ મેળવ્યું હતું.** આમ મને ગર્વ છે કે હું કરાટે માત્ર શીખતો નથી પણ શાળાના બાકીના કરાટે વિદ્યાર્થીઓને કરાટે કોર્ષ શીખવાડું પણ છુ.

આમ મારા ગુરુ શ્રી રામચંદ્રસરનો પણ આભારી છુ કે મને કરાટેને લાયક બનાવ્યો અને આગળની પદવી આપી તથા અમે જે બેલ્ટ પ્રાપ્ત કર્યો છે તેની સાથે વિશ્વઓથોરીટી ઓફ જાપાનની કરાટેની લીસ્ટમાં પણ અમારું નામ લખાયું છે અને તેનું સર્ટીફીકેટ પણ અમને આપેલું છે આ બધું અમારા શિક્ષક શ્રી રામચંદ્રસર અને અમારી શાળાના સહયોગથી થયું છે. તેથી હું આનો શ્રેય મારી શાળા અને મારા શિક્ષકશ્રીને આપું છુ.

આમ હું આ કરાટેમાં ખૂબ આગળ વધવા માંગું છુ અને બ્લેકબેલ્ટ સુધી જવા માંગું છુ

# સુવિધાઓ (સગવડ)


પુસ્તકાલય

વિદ્યાલય, પોતાનુ ધ્યેય પ્રાપ્ત કરવા માટે તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારની વર્તમાન સમયની માંગને કેન્દ્રમાં રાખીને સુવિધાઓ પૂરી પાડી રહી છે. વિદ્યાર્થીઓના વિકાસને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા માટે સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ વિદ્યાર્થીઓના પડખે રહીને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહી છે...

- ➤ નિવાસ માટે ત્રણ વિદ્યાર્થી છાત્રાલય.
- ➤ ની સુવિધા – શુદ્ધ પીવાના પાણી માટે.
- ➤ ભોજન કરવા માટે બે ભોજનખંડ.
- ➤ મેડીકલ સુવિધા પ્રાથમિક ઉપચાર તેમજ બિમાર વિધાર્થીઓ માટે. ૧ રૂમ.
- ➤ ઈમરજન્સી દવાખાને જવામાટે સ્કૂલની તરફ થી વાહનની વ્યવસ્થા છે.
- ➤ ટેક્નોલજી સાથેનું શિક્ષણ આપવા માટે મલ્ટીમીડીયા રૂમ-પ્રોજેકટર(ટીવી) સહિતની સુવિધા છે.
- ➤ કપડાં સાંધવા-દરજી, વાળ-કાપવા-નાઈ અને જૂતાં સાંધવા-મોચીની વ્યવસ્થા કરવામાં આવે છે.
- ➤ વિદ્યાર્થી અને સ્ટાફની બાયોમેટ્રીક અટેન્ડેન્સ માટે પાંચ કમ્પ્યુટરની સુવિધા છે.
- ➤ સાયન્સ વિભાગ માટે બાયોલોજી, કેમિસ્ટ્રી, ફિજીક્સ અને કમ્પ્યૂટર લેબોરેટરીની સુવિધા છે.
- ➤ વિધાલયમાં દરેક પ્રકારની ગતિવિધિ જાણવા માટે કેમરાની સુવિધા.
- ➤ સ્કૂલમાં લાયબ્રેરી વિવિધ પ્રકારના પુસ્તકો, સામયિક અને દૈનિક સમાચાર પત્રકો ત્રણ (ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી) ભાષામાં મંગાવવામાં આવે છે.

**શાળાની વિવિધ પ્રવૃત્તિઓ દરમિયાન પહેરવામાં આવતા ડ્રેસ**


લોઅર-ટીશર્ટ


સ્કૂલ ગણવેશ


ફોજી યુનિફોર્મ


પીટી ડ્રેશ


નાઇટ પહેરવેશ


ટ્રેક શૂટ


કરાટે ડ્રેશ

- ➤ ચંપલ
- ➤ શિયાળામાં ગરમ કપડા, ટ્રેકશૂટ, ગરમ ટોપી, સ્વેટર
- ➤ ઉનાળામાં તાપથી રક્ષણ માટે સાદીટોપી
- ➤ અલમારી, પલંગ, ગાદલું ચાદર-૨,ધાબળો-૧,પ્રત્યેક વિધાર્થીને આપવામાં આવે છે.

# સ્કૂલ લેબોરેટરી

શાળામાં આધુનિક સાધન સામગ્રીઓથી પરિપૂર્ણ પ્રયોગશાળાઓ છે જેવી કે કમ્પ્યુટર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન જેમાં તજજ્ઞ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ પ્રયોગ કરે છે.



ફિઝિક્સ લેબ



રસાયણશાસ્ત્ર લેબ



કોમ્પ્યુટર લેબ



બાયોલોજી લેબ



સારી રીતે સજ્જ કોમ્પ્યુટર લેબ

# શિક્ષકની કલમે...



સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ એક અદ્દભુત અને નયન રમ્ય શૈક્ષણિક સંકુલ તરીકે વિકાસશીલ છે. આવું આ શૈક્ષણિક સંકુલ પ્રાકૃતિક રીતે અરવલ્લીની ગિરિમાળાઓની વચ્ચે ભગવાન શામળીયાના સાનિધ્યમાં સરસ્વતીનું આ ઉપાસના ધામ ખરેખર કોઈક અગોચર ઈશ્વરીય સંકેતથી બન્યું હોય એવું લાગ્યા કરે છે. અને આ માટે પ્રેરક બળ આપણા પરમ આદરણીય શ્રી જે.પી.સરને પ્રાપ્ત થયું હોય તેવું લાગી રહ્યું છે. તેના વિકાસમાં માનનીય મેનેજર શ્રી સત્યાજી સાહેબ અને પ્રિન્સિપાલ ડૉ. શૈલેન્દ્રકુમાર અગ્રવાલ સાહેબનું અમૂલ્ય યોગદાન રહ્યું છે.

આ સંસ્થા સાથે હું તા. ૧૦-૦૭-૨૦૧૨ થી સેવારત છું. આપણી શાળામાં વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ સંપૂર્ણ ક્ષમતા અને આત્મવિશ્વાસ પૂર્ણ કાર્ય કરી શકે તે માટે શાળાના વિદ્યાર્થીઓને છ હાઉસમાં વિભાજીત કરી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવે છે. કોઈપણ કાર્યનો પ્રારંભ પ્રાર્થના દ્વારા થતો હોય, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિવિધ વિષયોમાં ક્વિઝસ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, દેશભક્તિસ્પર્ધા, યોગસ્પર્ધા, વિવિધ રમતો, પી.ડી.સી., ભારતયાત્રા, ગુરુપૂર્ણિમા, ૧૫મી ઑગસ્ટ, શિક્ષકદિન, ગણેશચતુર્થી, ગાંધીજયંતી, સ્વામી વિવેકાનંદ,૨૬મી જાન્યુઆરી વગેરેની ઉજવણી કરવામાં આવે છે. દર ગુરુવારે દરેક ધોરણના વિદ્યાર્થીઓના ક્રમ પ્રમાણે યજ્ઞ પણ કરવામાં આવે છે. તેમજ દરેક વિદ્યાર્થીઓ માટે ૧૦ હોબી ક્લાબો ચલાવવામાં આવે છે. અમારી શાળામાં વિદ્યાર્થીઓ નિયમોનું ચુસ્ત પણે પાલન કરે છે.

અમારી શાળાના વિદ્યાર્થીઓ ગુજરાતના સૌથી શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ બને એ માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. એ આપણી સંસ્થા માટે ગૌરવની બાબત છે. જે બદલ આ પ્રસંગે લાગણી વ્યક્ત કરું છું.

શૈક્ષણિક સ્કૂલની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી પ્રભુને પ્રાર્થના.

જયંતિભાઈ કે. પ્રજાપતિ,
ગુજરાતી શિક્ષક, એમ.એ., બી.એડ

# રાષ્ટ્રીયસ્તર – બરછી ફેંક



હું સૌથી પહેલા તાલુકા સ્તર પછી જિલ્લા સ્તર પછી રાજ્યસ્તરમાં બરછીફેંક રમતમાં પહેલો નંબર આવ્યો હતો. ત્યાર બાદ રાષ્ટ્રીય સ્તરમાં જવા માટે હું અને મારી સાથે અશ્વિન ગમાર અમે બે સૈનિક સ્કૂલના ખેલાડીઓ હતા. અમારી વ્યવસ્થા 10દિવસ ગાંધીનગર સાંઈ સ્પોર્ટ્સમાં ગોઠવવામાં આવી હતી.ત્યાં બધી જ ઈવેન્ટના કોચ હતા. ટ્રેનિંગ પછી અમદાવાદથી ઝારખંડ જવા માટે નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લેવા ગયા. બે દિવસની અને બે રાત્રિની મુસાફરીના અંતે અમે રાંચી પહોંચ્યા. અમે બધા કુલ 57 ખેલાડીઓ હતા. તેમાં 30 છોકરીઓ અને 27 છોકરાઓ હતા અને અમારી સાથે બે મેડમકોચ અને ત્રણ જેન્ટ્સકોચ સર હતા. રાંચીથી અમે ખેલગાવના સ્ટેડિયમમાં પહોંચ્યા. ત્યાં અમારી રહેવાની સુવિધા કરી આપવામાં આવી હતી. ત્યાં બહુજ ઠંડી પડતી હતી. અને ત્યાં દરેક રાજ્યના ખેલાડીઓ ભાઈ બહેનો આવેલા હતા. ત્યાં 4 દિવસની રમત હતી. અને મારી ઈવેન્ટ ચોથા દિવસે હતી. હું બરછીફેંક ૫૦ મીટરમાં, ૧૦ મા નંબરે રહ્યો હતો.રમતો પૂર્ણ થયા પછી ટ્રેનમાં બેસીને ગુજરાત પરત આવી ગયા.

**રામસિંગ રાઠવા**, ધોરણ -૧૧

# ખેલમહાકુંભ



મારું નામ અશ્વિન છે. હું ધોરણ-૯ માં અભ્યાસ કરું છું. અમે બધાએ ૨૦૧૪માં ખેલમહાકુંભમાં ભાગ લીધો હતો. તેમાં ગોળાફેંક અને ચક્રફેંકમાં ભાગ લીધો હતો.તાલુકા અને જિલ્લા લેવલમાં હું પ્રથમ આવ્યો હતો. મારા સાથી ખેલાડીઓ પણ પ્રથમ નંબરે આવ્યાં હતાં. ત્યાર પછી હું, કિરણ,ભાવિન અને ઋત્વિક રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા ગયા.અમે સવારે ૪:૩૦વાગ્યે બસમાં બેસીને વડોદરા ગયાં. ત્યાં રામચંદ્રસર હતા. તેઓ અમને સ્ટેડિયમમાં લઈ ગયા હતા.અમારી રહેવાની સુવિધા થઈ. પછી ૩:૫૦ થી અમારી સ્પર્ધા શરૂ થઈ.

પહેલા મારી ઈવેન્ટ શરૂ થઈ. ચક્રફેંકમાં મારા કરતાં કદમાં મોટા ખેલાડીઓ હતા. છતાં હું ડર્યો નહીં અને પ્રથમ રાઉન્ડમાં ૨૯.૭૫મીટર બીજા રાઉન્ડમાં ૩૦.૯૫ મીટર અને ત્રીજા રાઉન્ડમાં ૩૧.૧૪ મીટર ફેંકીને પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો. પછી બીજા દિવસે ગોળાફેંકમાં ૧૦.૩૦મી, ૧૦.૯૦મી, ૧૧.૨૫મી. ફેંકીને બ્રોંજ મેડલ જીત્યો. ત્યાર બાદ ૧૦૦*૪ રિલેમાં સેમી ફાઇનલમાં પ્રથમ આવ્યા અને ફાઇનલમાં હું, કિરણ, ભાવિન અને ઋત્વિક દોડ્યાં હતાં. તેમાં ૫૫.૭૬ સેકંડ સાથે સિલ્વર મેડલ જીત્યો. અમે બધા ખૂબ ખુશ હતા અને સ્કૂલમાં આવવા નીકળ્યા. બસ સ્ટેશનમાં અમે બધાએ બહુ વાતો કરી હતી અને રાત્રે 10:15 એ અમે સ્કૂલમાં આવ્યાં.

**અશ્વિન ગમાર**, ધોરણ – ૯અ

# એકલવ્ય રમતોત્સવ ૨૦૧૪-૧૫



એકલવ્ય સ્કૂલનો રાજ્ય કક્ષાનો રમતોત્સવ રાજપીપળા ખાતે તારીખ 5/2/2015 રાજપીપળાની આગેવાની હેઠળ સ્ટેડિયમ ખાતે યોજાયો હતો ત્યાં ઝોનમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન ધરાવનારા રમતવીરો, લગભગ 1200 ભાઈઓ - બહેનો, પૂરા ગુજરાતમાંથી આવ્યાં હતાં. તેમાં મારી શાળાના 20 રમતવીરો હતા અને એમાં હું પણ હતો. અમે કબડ્ડી, ખો-ખો, આર્ચરી, ચેસ, વોલીબોલ, એથલેટિક્સ અને કેરમ જેવી રમતોમાં ભાગ લીધો હતો.

આ રમતોત્સવના ઉદ્ઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે મંગુભાઈ પટેલ અને એકલવ્ય સોસાયટીના અધિકારીઓ તેમજ ત્યાંના રાજા-રાણી, ધારાસભ્ય તથા એકલવ્ય સ્કૂલોના આચાર્યશ્રીઓ હતાં. સર્વ પ્રથમ EGRS સ્કૂલમાંથી છેક સ્ટેડિયમ સુધી રેલી કાઢવામાં આવી હતી. આ રેલીને મારી શાળાનું ઘોષ-બેન્ડ લીડ કરી રહ્યું હતું. આ બેન્ડે મુખ્ય મહેમાનોનું સ્વાગત પણ કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ ચાલુ થયો અને ત્યાની EGRS ની બહેનો અને EMRS ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી બધા રમતવીરોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાને વનબંધુઓને અને EMRS સ્કૂલોને ઉદ્દેશીને તેનું મહત્વ સમજાવતું ઉદ્બોધન કર્યું હતું. ત્યારબાદ રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.તેની શરૂઆત 100 મીટર દોડથી થઈ હતી. ત્યાં રહેવા-જમવાની વ્યવસ્થા સારી હતી.

પૂરા રમતોત્સવ દરમ્યાન સૈનિક સ્કૂલ ભાઇઓમાં મોખરે રહી હતી. કેડેટ રામસિંગ રાઠવાને બેસ્ટ સ્પોર્ટ્સમેન જાહેર કરવામાં આવ્યો હતો કારણકે તેને ભાઈઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. સ્પોર્ટ્સમીટના માધ્યમને લઈને પૂરા ગુજરાતના અમારા જાતિ બંધુઓને મળવાનો લોકવ્યવહાર , એક – બીજાના વિચારોની આપ-લે, રમતવીરોની ખેલદિલિના દર્શન થયાં. અન્ય સંસ્થા શિક્ષકો – હોસ્ટેલ વોર્ડન વગેરેનો પરિચય પણ થયો.

**કેડેટ પંકજ અને કેડેટ મસ્તાન**, ધોરણ – ૧૧, ૧૨

# વાલી પ્રવાસનું અનુભવ કથન

મને ઘણો જ આનંદ થાય છે કે મારો દીકરો ભાર્ગવ સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલમાં ભણે છે. આ સ્કૂલમાં વિદ્યાર્થીઓની સાથે-સાથે વાલીઓ માટે પણ વચ્ચે-વચ્ચે કેટલાક કાર્યક્રમ કરવામાં આવે છે. આ મુજબ અમારો બે દિવસનો પ્રવાસ યોજાયો હતો. તેમાં કુલ ૧૪૦ વાલીઓ અને ૧૦ શિક્ષકોએ સાથે મળી અમે માઉન્ટ આબૂ અને અંબાજી તીર્થસ્થાનોના દર્શન કર્યા હતા. પ્રવાસનું  પૂર્વ આયોજન તથા મેનેજમેન્ટ ઘણું જ યોગ્ય હતું. પ્રવાસ સમયે શિક્ષકમિત્રોની આત્મીયતા, મીઠો વ્યવહાર તથા યોજેલા કાર્યક્રમો અમને ઘણી રીતે શીખવા લાયક હતા. આ પ્રવાસથી અમે જાણ્યું કે અમારા બાળકો એક યોગ્ય સંસ્થામાં ભણીગણીને આગળ વધી રહયા છે. તેમને આગળ જઈને જે દુનિયામાં ડગલું માંડવાનું છે તેના માટે જરૂરી સર્વાંગી વિકાસ આ સ્કૂલમાં થઈ રહયો છે.

**શૈલેષ ભાઈ : ભાર્ગવ (વર્ગ 10) ના પિતા**



ભરતમાતા મંદિર : માઉન્ટઆબુ

## विद्यार्थियों के लिए याद / Memory बढ़ाने के उपाय

- अंकुरित अन्न, फल, सलाद व हरे पत्ते खाने से याद्दाश्त बढ़ती है।
- रोज ध्यान करने से याद्दाश्त बढ़ती है।
- दिन में कम से कम तीन बार मुक्त हँसी से हमारा शरीर मन और दिमाग मजबूत बनता है।
- धूपस्नान रोज या छुट्टी के दिन लेने से लाभ होता है।
- तेल मालिश करने से भी दिमाग तेज होता है।
- प्राणायाम से याद्दाश्त तेज होती है।
- रोज खेल खेलने से भी शरीर, मन व दिमाग मजबूत बनता है।
- अच्छे स्वास्थ्य के लिए 7 घण्टे की नींद जरूरी है।

# ગવર્નરહાઉસની મુલાકાત



અમને જયારે પ્રિન્સીપાલ સરે કહ્યું હતું કે તમારે રાજ્યપાલશ્રીને મળવા જવાનું છે, ત્યારે હું એ સાંભળીને બહુ ખુશ થયો હતો. ત્યાં રાજ્યભવનમાં અમારે ઘણા બધા પ્રોગ્રામ કરવાના હતા. જેમાં અમે ૫૦ વિદ્યાર્થીઓ હતા. તેમાં કરાટે, ડાન્સ, ડ્રીલ, પી.ટી. તેમજ વક્તવ્ય આપવાનું હતું. તેના માટે અમે એક મહિના અગાઉથી તૈયારીઓ શરુ કરી હતી.

અમે સવારે વહેલાં ઊઠીને ૫ વાગે બસમાં બેસીને રાજભવન જવા રવાના થયા હતા. બધા વિદ્યાર્થીઓ બહુ જ ખુશ હતા. અમને વિશ્વાસ જ નહોતો થતો કે અમે મહામહિમને મળવા જઈ રહ્યા છીએ. આ અવસર મોટા-મોટા લોકોને પણ નથી મળતો. આવો સુનેહરો અવસર અમને મળ્યો તેનું અમને ગર્વ થતું હતું. બસમાં દેશભક્તિ ગીતો ગાતા-ગાતા જઈ રહ્યા હતા. અમે લગભગ ૧૨ વાગ્યાનીં આસપાસ ગાંધીનગર પહોંચી ગયા.

ગાંધીનગર જઈને અમે ત્યાંના સભ્યોના હેડ ક્વાર્ટરમાં રોકાયા. ત્યાં અમારી મીટીંગ શ્રી જય પ્રકાશજી અગ્રવાલ (ચૈરમેન–સૂર્યા કંપની) તથા શ્રી વેદજી (વાઈસ ચૈરમેન-સૂર્યા ફાઉન્ડેશન) અને બ્રિગેડીયર અશોક સોંઢી જોડે થઇ. તેમણે અમને સારા સારા કથનો સંભળાવ્યા. પછી અમે હેડ ક્વાર્ટરના ભોજનાલયમાં ભોજન કર્યું. લગભગ ૩ વાગ્યાની આસપાસ બસમાં બેસીને રાજભવન ગયા.

અમે જયારે ત્યાં પહોંચ્યા ત્યારે પ્રોગ્રામની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી હતી. અમે અમારી પોજીશન લઈને પડદા પાછળ ગોઠવાઈ ગયા. પછી પ્રોગ્રામ શરુ થયો. અમે અમારું શ્રેષ્ઠ પ્રદર્શન રજુ કર્યું અને ત્યારબાદ પ્રોગ્રામના અંતે ઇનામ પણ મેળવ્યું. ત્યારબાદ જેની અમને આતુરતા હતી તેવા ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના મુખેથી આશીર્વચન મળ્યા. દરેક વિદ્યાર્થીને ચોકલેટ આપીને ત્યાંથી વિદાય આપવામાં આવી અને અમે ભોજનાલયમાં જઈને નાસ્તો કર્યો. પછી અમે બસમાં બેસીને અમે સ્કૂલમાં આવવા નીકળ્યા. ત્યાં અમને બહુ જ મજા આવી. આ મુલાકાત અમને આખી જીન્દગી યાદ રહેશે. અમને તમામ વિદ્યાર્થીઓને આવી તક આપવામાટે સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલનો આભાર માન્યો.

**કેડેટ કિરણ**, ધોરણ – ૧૦અ



## સૈનિક શિક્ષાનું મહત્ત્વ



ભારત દેશે ઘણા વર્ષોના સંઘર્ષ પછી સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે. ઘણાબધા વીરપુરુષોના બલીદાન અને પ્રયત્નો પછી ગુલામીની સાંકળ તોડી શક્યા છીએ. આઝાદી બાદ દેશની રક્ષા કરવી એ આપણી બધાની ફરજ છે. આપણે એટલા બધા ગાફેલ પણ ન રહેવું જોઈએ કે ફરીથી ગુલામીની જંજીરોમાં જકડાવું પડે !

ભારત એક વિશાળ દેશ છે, સીમાઓ પણ ફેલાયેલી છે. સીમાઓ પર અનેક દેશો આવેલા છે. કોણ જાણે કયારે કોની કુદષ્ટિ બની જાય. ચીન અને પાકીસ્તાનનો અનુભવ આપણને હંમેશા સાવધાન રહેવાની ચેતવણી આપે છે. દેશની અંદર પણ આતંકવાદની પ્રવૃત્તિઓ સૈનિકશિક્ષાની જરૂરિયાત બતાવે છે. સેનાને સરહદ પર તૈનાત કરવામાં જે ખર્ચ આવે છે તે દેશ સહન કરી શકતો નથી. શાંતિના સમયમાં પણ એક મોટું લશ્કરીદળ રાખવું એ ધનનો અપવ્યય કહેવાય. તેથી જરૂરી સમયે દેશની સેના તૈયાર કરવાની આવશ્યકતા ઊભી થાય છે. આ જ કાર્ય શાળામાં સૈનિકશિક્ષણ આપવાથી પૂર્ણ થશે.

વિદ્યાલયમાં સૈનિકશિક્ષા વિવિધ પ્રકારે આપવામાં આવે છે. એન.સી.સી. દ્વારા સૈનિક શિક્ષણ અપાય છે. આજકાલ સ્કૂલોમાં એન.સી.સી.નું પ્રશિક્ષણ ચાલુ છે. અઠવાડિયામાં બે દિવસ પરેડ યોજવામાં આવે છે. તેમાં અલ્પાહાર પણ આપવામાં આવે છે. વર્ષમાં એક કે બે કેમ્પ યોજવામાં આવે છે. જેમાં દૂર દૂરથી પ્રશિક્ષણ માટે કેડેટ્સ આવતા હોય છે. એકબીજા વચ્ચે પરિચય, શસ્ત્રપ્રશિક્ષણ અને રાષ્ટ્રભક્તિના પાઠ નિયુક્ત ફૌજી ઑફિસરો દ્વારા શીખવવામાં આવે છે. સૈનિકશિક્ષણથી નવયુવાનોમાં અનુશાસન, આજ્ઞાપાલન અને સ્વાભિમાન જેવા ગુણોનો વિકાસ થાય છે. સૈનિકશક્તિનો ઉપયોગ અન્ય દેશોની સ્વતંત્રને પડાવી લેવા નહીં પરંતુ પોતાના દેશની સુરક્ષા અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવામાં આવે છે. દુશ્મોનોથી આપણા દેશની રક્ષા કરવાનું ધ્યેય રહેવું જોઈએ.

**વિચાર :- આપણે જરૂર એક કુટુંબમાં જન્મ્યા છીએ પરંતુ સમાજ અને દેશ પ્રત્યેની આપણી જે જવાબદારી છે તેની સામે આંખ આડા કાન ન કરી શકીએ.**

**પ્રકાશ રાય**

*B.Com., PGDCA, કમ્પ્યૂટર શિક્ષક*

## ભોજન



અમારી સૂર્યા સૈનિક સ્કૂલમાં સાત્વિક ભોજન આપવામાં આવે છે. સવારે નાસ્તામાં ઋતુ અનુસાર ભોજન મેનુ બનાવવામાં આવે છે. તેમાં વિદ્યાર્થીઓની સૂચનાને ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રાકૃતિક આહાર મુજબ સવારે નાસ્તા સાથે મગ, ચણા જેવા અંકુરિત અને બપોરે ભોજન સાથે આમળા, ટામેટા, કોબીજ, બીટ, કાકડી જેવા સલાડ અને રાત્રિભોજન સાથે ગોળ આપવામાં આવે છે. પૌષ્ટિક આહારમાં દૂધમાં દળિયું બનાવીને સપ્તાહમાં એકવાર નાસ્તામાં આપવામાં આવે છે.

– સાપ્તાહિક દર રવિવારે દૂધની ખીર આપવામાં આવે છે.
– મહિનામાં એકવાર ફિસ્ટનું આયોજન કરવામાં આવે છે.
– ઉનાળાની ઋતુમાં બપોરના ભોજન સાથે છાશ આપવામાં આવે છે.

**કિશન કટારા ધો. ૯ બ**

# સ્કૂલનો અનુભવ



સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ પ્રકૃતિની ગોદમાં આવેલી છે. હું આ સ્કૂલમાં ધોરણ -૯ થી અભ્યાસ કરી રહ્યો છું. અમારી સ્કૂલમાં ભણતો દરેક વિદ્યાર્થી, એક પ્રકૃતિ વચ્ચે ઉછેર થયેલો આદિવાસી છે જેમાં કંઇક કરી બતાવવાની તાલાવેલી રહેલી છે. અમારા અંદર શીખવાની ઘણી તમન્ના હોય છે. તેથી સૂર્ય જેમ અંધારામાંથી બહાર આવે છે. અમારી સ્કૂલ ધીરે ધીરે પ્રગતિ કરી વિખ્યાત થવા લાગી છે.

અમારી સ્કૂલમાં ૬ થી ૧૨ ધોરણમાં લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા સારું શિક્ષણ આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પણ તાલીમ આપવામાં આવેછે. ભારતયાત્રા પણ ગોઠવીને પ્રત્યક્ષ સ્થળ પર જઈને ભૂગોળ-ઇતિહાસ પાકાં કરવામાં આવે છે. અમારી સ્કૂલમાં વિવિધ લેબ જેવીકે બાયોલોજી , કેમેસ્ટ્રી, અને ફીજીક્સ તથા કમ્પ્યુટર લેબ અને મલ્ટી મીડિયા હોલની સુવિધા પણ છે.

અમારી સ્કૂલમાં ભણતર સાથે મનોરંજન માટે OHP આવ્યું છે જેના દ્વારા વિદ્યાર્થીને મહાન વ્યક્તિઓને લગતા, રમત-ગમત ને લગતા, અભ્યાસને લગતા, વિશ્વશાંતિને લગતો સારા પ્રોગ્રામ બતાવવામાં આવે છે. P પ્રોજેક્ટર પર દર

શનિવારે ડિજિટલ પ્રાર્થના કરવામાં આવે છે. જેમાં દરેક વિદ્યાર્થી જાતે પોતાનું વક્તવ્ય રજૂ કરે છે. અમારી શાળામાં સ્વર્ગ જેવો સુંદર બગીચો છે. જેના કારણે દરેક વિદ્યાર્થી પ્રકૃતિ સાથે જોડાયેલો રહે છે. આ બગીચામાં ફૂલ-ઝાડ અને નાના છોડવા ઉગાડવામાં આવ્યા છે.

આપણા જીવનમાં વ્યાયામનું ઘણું મહ•વ રહેલું છે. અમારી સ્કૂલમાં વ્યાયામ કરવા માટે વિશાળ મેદાન બનાવવામાં આવ્યું છે. જેમાં સવારે યોગાસન, પી.ટી., ડ્રીલ અને સાંજે રમત રમાડવામાં આવે છે. રમત રમાડવા માટે અલગ અલગ મેદાન બનાવવામાં આવ્યા છે. જેમાં હેંડબોલ, બાસ્કેટબોલ, ફૂટબોલ, વોલીબોલ, કબડ્ડી,અને ખો-ખો નો સમાવેશ થાય છે. આ બધી રમતોમાં વિદ્યાર્થી પોતપોતાની રમતો રમે છે. અમારી સ્કૂલમાં ગ્રૂપ પાડવામાં આવ્યા છે. દરેક ગ્રૂપને આગળ લાવવા માટે રમતો રમાડવામાં આવે છે. જે ગ્રૂપ પ્રથમ નંબરે આવે તેને વાર્ષિક મહોત્સવમાં ઍવોર્ડ આપવામાં આવે છે.


અમારી સ્કૂલમાં પીવાના પાણી માટે R.O. અને શિયાળામાં ગરમ પાણીમાટે – સોલાર વૉટર હીટરની વ્યવસ્થા છે. નાની બીમારી હોય તો નેચરોપેથીથી ઉપચાર થાય છે. હોસ્ટેલમાં પ્રાથમિક સારવાર થઇ જાય છે. વિશેષ બીમારી હોય તો નજીકના દવાખાને લઇ જવામાં આવે છે. ઐતિહાસિક સ્થળોને જોવા, સંસ્કૃતિને જાણવા માટે પ્રવાસ પણ કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો અને ઘણા કર્મચારીઓ પણ આવે છે. આ શાળામાં આવ્યા પછી દરેક વિદ્યાર્થીને સૈનિક બનવાની ઈચ્છા થાય છે. તે માટે અમારી સ્કૂલમાં સવારમાં પી.ટી., ડ્રીલ કરવામાં આવે છે. આની સાથે અન્ય પ્રકારની પણ પ્રેક્ટિસ કરવામાં આવે છે. અમારી સ્કૂલ ના વિદ્યાર્થીઓ ને NCC ની તાલીમ આપવામાં આવે છે.

જેને કારણે તેઓ સૈનિક માટેની ફિજીકલ ટ્રેનીંગ મેળવી શકે છે. દૂરથી આવતા વિદ્યાર્થીઓને માતા પિતાને ઘણી યાદ આવે છે. તેના માટે મહિનાના છેલ્લા રવિવારે વાલીઓને મળવા બોલાવવામાં આવે છે.

હું સ્કૂલમાં જ્યારથી આવ્યો છું ત્યારથી મેં મારા જીવન માં ઘણી પ્રગતિ કરી છે. માટે હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આ શાળાને યાદ કરતો રહીશ.

**કેડેટ હિતેશ**, ધોરણ-૧૨

# શાળાનું સમયપત્રક



મારું નામ ભાવિન ખોડીયાર છે. હું ધોરણ ૧૦માં અભ્યાસ કરું છું. અમારી શાળા તેમજ હોસ્ટેલમાં રોજીંદા દિવસની એક અનોખી અને વ્યસ્ત સમયપત્રકની રચના કરવામાં આવેલી છે. આજે હું તમને એના વિશે જાણકારી આપું છું.

અમે સોમવારથી શનિવાર સુધી સવારે વહેલા ૫ વાગે ઊઠી જઈએ છીએ અને ત્યાર બાદ અમે અમારું લેઆઉટ (પથારી) સરખી કરીએ છીએ. સાથે સાથે ઉષ:પાન પણ કરીએ છીએ. ત્યારબાદ અમે ૬:૧૫ વાગે સેલ્ફ સ્ટડી માટે શાળામાં જઈએ છીએ. અમે ૬:૪૫ થી ૭ : ૪૫ P.T. માટે અને ડ્રીલ કરવા માટે મેદાન પર જઈએ છીએ. ત્યાંથી આવ્યા પછી ૭:૪૫ થી ૮:૪૫ દરમ્યાન નાહીધોઈને ફ્રેશ થઈએ છીએ અને ૮:૧૫ થી ૮:૪૫ સમય દરમ્યાન નાસ્તો કરવા જઈએ છીએ.

અમારી સ્કૂલનો સમય ૯:૦૦ થી શરૂ થાય છે. જેમાં અમે બાયોમેટ્રિક હાજરી પુરીને અમારા ક્લાસમાં જોડાઈ જઈએ છીએ. જેમાં ૧૨:૪૫ સુધી અમારા ૬ તાસ લેવામાં આવે છે. બે તાસ બાદ રીશેષ પણ આપવામાં આવે છે. અમારા ભોજન અને વિશ્રાંતિ માટેનો સમય ૧૨:૪૫ થી ૨:૦૦ વાગ્યાનો છે.


ત્યારપછી અમે હોસ્ટેલમાં જઈને ફ્રેશ થઈ ભોજનાલયમાં જમવા માટે પહોંચી જઈએ છીએ. થોડોક આરામ કરી સ્કૂલમાં ફરી જઈએ છીએ. જ્યાં ૨:૦૦ થી ૪:૩૦ વાગ્યા સુધી ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન વિષયોના વધારાના ક્લાસ ચાલે છે. આ ક્લાસ પૂરા થયા પછી ૪:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી રીફ્રેશમેન્ટ લઈએ છીએ.

૫:૦૫ થી ૬:૧૫ સુધી ગેમનો સમય રહે છે. જેમાં પહેલા ફોલિંગ થાય છે. અને તમામ વિદ્યાર્થીઓના કાઉન્ટ લેવાય છે. તે સમય દરમ્યાન જે વિદ્યાર્થીઓને સેલ્ફ સ્ટડી કરવી હોય તે સ્કૂલમાં સેલ્ફ સ્ટડી પણ કરી શકે છે. ત્યાર પછી ૬:૧૫ થી ૭:૦૦ સુધી નાહીને તૈયાર થઈ જઈએ છીએ. અમે ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમ્યાન રાત્રિ ભોજન લઈને સ્કૂલમાં ૨ કલાક રાત્રિ સેલ્ફ સ્ટડી કરવા માટે જઈએ છીએ. જેમાં માર્ગદર્શકરૂપે અમારા તમામ ક્લાસરૂમમાં એક-એક શિક્ષક ઉપસ્થિત રહે છે.

સેલ્ફ સ્ટડી કર્યા બાદ અમે હોસ્ટેલમાં જઈને ૧૦:૧૫ વાગે લાઈટ્સ ઓફ કરી સૂઈ જઈએ છીએ. આમ આ રીતે અમારું આખા દિવસનું સમય પત્રક રહેતું હોય છે, જેમાં અમને ભણવાનો, વાંચવાનો, ગૃહકાર્ય કરવાનો તેમજ હળવા થવાનો પણ પૂરતો સમય મળી રહેતો હોય છે.

કેડેટ ભાવિન, ધોરણ -૧૦ અ

# मानस बोध



छत्रपति शिवाजी के गुरु समर्थ रामदास। शिवाजी के बचपन के संस्कारों को उन्होंने मजबूती से देशभक्ति में ढाला। शिवाजी को देश और समाज के लिए तैयार किया। समर्थ रामदास ने अपना पूरा सन्यासी जीवन देश के लिए दे दिया। समाज जागरण के लिए अनेक प्रयास किए।

समर्थ रामदास के शिष्य भिक्षा माँगने जाते थे। समर्थ रामदास ने सोचा कि यह एक जरिया है लोक जागरण का उन्होंने अनेक प्रेरणादायी श्लोकों एवं गीतों की रचना की जिन्हें उनके शिष्य गाते थे। भिक्षा माँगते हुए। लोगों को प्रेरणा देते थे। इस श्लोक में उन्होंने कहा–भगवान राम को, उनके गुणों को अपने मन में रखो। उनसे प्रेम करो। आप देखोगे कि दु:ख अपने आप भागेंगे। समस्याएँ अपने आप समाप्त होंगी और दु:ख हमेशा नहीं रहेगा। स्वयं को पहचानो भगवान राम के आशीर्वाद से खूब आगे बढ़ो।"

# ઉત્તર ભારત

વિદ્યાલયમાંથી ધોરણ – ૯ અને ૧૦ ના કુલ ૮૦ કેડેટ્સનું ગ્રુપ ઉત્તરભારત પ્રવાસમાં ૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૧૫ માં ગયું હતું. આ વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકોની સાથે દિલ્હી, હરિયાણા, મથુરા, વૃન્દાવન અને આગ્રા ગયા હતા. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ, ઔદ્યોગિક, ઐતિહાસિક અને ભક્તિ સ્થળોની યાત્રા કરી હતી. આ પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓનો વિવિધ અનુભવ નીચે મુજબ રહ્યો હતો:-

## અક્ષરધામ મંદિર



દિલ્હીના અક્ષરધામ મંદિરમાં પ્રવેશતાં જ મારુ મન ભક્તિમય બની ગયું. અહીં ભવ્ય અને સુંદર મંદિરનાં દર્શન થયા. દેશભક્ત બાળકો, વીરાંગનાઓ, મહાપુરુષોના ચરિત્રોની ઝાંખીનું જ્ઞાન ભક્તિબાગ દ્વારા પ્રાપ્ત થયું. અહીંયાં ગોઠવેલી પ્રદર્શની મનને આનંદ આપનારી હતી. મોટા પડદા ઉપર નીલકંઠ યાત્રાનો આનંદ મારા જીવનમાં આ પહેલો અનુભવ હતો. ભારતનો ગૌરવશાળી ઈતિહાસ અને વૈદિક ભારતનું દર્શન નૌકા વિહારની સાથે-સાથે કર્યું.

હિમાંશુ તરાલ, ધોરણ-૯

## રેલ મ્યુઝિયમ અને ઍરફોર્સ મ્યુઝિયમ



જે રેલ્વે દ્વારા હું દિલ્હી પહોંચ્યો તેના સંગ્રહાલયમાં તેના વિશે મને ખૂબ જ જાણવા મળ્યું. નૈરોગેજ ટ્રેન, માલગાડી, ક્રેનગાડી, યાત્રિગાડી, ઍંજિનોનું બદલાતું સ્વરૂપ, ટ્રેન ના પાટા બદલવાની રીત, ટોય ટ્રેનમાં બેસીને મસ્તી-મજા કરતાં કરતાં મ્યુઝીયમ ખૂબ જ નજીકથી જોયું.

જે વિમાનને અમે દૂર આકાશમાં ઊડતા જોતા હતા તેનું મ્યુઝિયમ – એટલે ઍરફોર્સ મ્યુઝિયમ જે ભારતના ઈતિહાસની સાક્ષી પુરતા યુદ્ધમાં વપરાયેલા ભારતીય વાયુ સેનાના લડાકુ વિમાનને ઘણાં નજીકથી જોયા. તેના યોગદાન વિશે માહિતી મેળવી. 1965 અને 1971ના યુદ્ધમાં વપરાયેલા વિવિધ પ્રકારના વિમાનો જોયા.

**કિરણ ભગોરા, ધોરણ -૯**

## દિલ્લી મેટ્રો ટ્રેન અને તારા મંડળ



દિલ્હીની યાત્રામાં મને મેટ્રોટ્રેનની મુસાફરી એક યાદગાર બની રહી. મેટ્રો ટ્રેન વિશે ઘણી જાણકારી આપવામાં આવી. આધુનિક તકનીકીથી સજ્જ એવું પ્લેટફોર્મ – સીડી, ગેટ, ટોકન તથા ટ્રેનની અંદર આવતા સ્ટેશનની માહિતી, નકશો તથા ટ્રેનના ઓટોમેટીક ખૂલતા-બંધ થતા દરવાજા તેમજ કોઈ પણ પ્રકારના ડસ્ટબીન ન હોવા છતાં આખા પ્લેટફોર્મ પર સ્વચ્છતા જોવા મળી હતી, તેનાથી હું પ્રભાવિત થયો હતો.

રોજ-બરોજ રાતે નિહાળતા આકાશના વિવિધ તારાઓના નામ તથા રાશીઓથી અજાણ મેં નહેરું તારા મંડળમાં મેં આકાશ વિશેની ઘણી ખરી માહિતી ફિલ્મના માધ્યમથી મેળવી. આપણા સૂર્યમંડળના ગ્રહો, આકાશગંગા, તારાઓની દુનિયા, પૃથ્વી, ચંદ્ર તથા ઉપગ્રહોની વિશેષ જાણકારી મેળવીને હું મારી જાતને ધન્ય ગણતો થયો છું.

**આકાશ ચૌધરી**, ધોરણ-૯

### આંખોની સાર-સંભાળ

- દિવસમાં ઓછામાં ઓછા બે વખત આંખોમાં ઠંડા પાણીની છાલક મારવી જોઈએ.
- આંખો ખોલાવી – બંધ કરાવી એમ પચ્ચીસ વાર રોજ કરવું. ત્યાર બાદ હથેળીથી આંખો દબાવીને આરામ આપવો, તેનાથી આંખોનું તેજ વધે છે.
- ખૂબ અંધારામાં કે વધુ પ્રકાશમાં કામ ન કરવું, પ્રકાશ હંમેશાં માપનો હોવો જોઈએ.
- ભોજનમાં કચુંબર અને ફળોનો પ્રયોગ આંખોનું તેજ વધારે છે.

## બહાદુરગઢ સૂર્યા પાઈપ, પારલે ફેક્ટરી તેમજ સંસદ ભવન



અમને પ્રવાસ દરમ્યાન બહાદુરગઢમાં સૂર્યાની પાઈપ બનાવવાની ફેક્ટરી જોવા મળી. અહીંયાં પાઈપો બનતી જોઈને અમને ખૂબ મજા આવી.

જેને ખાઈને અમે મોટા થયા છીએ તે પારલે ફેક્ટરીમાં બિસ્કિટ તેમજ ચિપ્સ બનતી જોઈ ખૂબ જ નવાઈ લાગી. આ ખૂબ મજેદાર અનુભવ હતો તે જોતાં-જોતાં મારા મોમાં પાણી આવી ગયું. ફેક્ટરી વાળાઓએ અમને બિસ્કિટ, ચિપ્સ અને ટોફી પણ ખવડાવી ત્યાંથી અમે સંસદ ભવન ગયા જ્યાંથી આપણા દેશનું સંચાલન કરવામાં આવે છે. એવા સંસદભવનના લોકસભાસત્રને પ્રત્યક્ષ ચાલતું જોવા મળ્યું. જે અમારું સૌભાગ્ય હતું.

**નરવત માવી, ધોરણ - ૯**

## શ્રી કૃષ્ણ જન્મ ભૂમિ તેમજ વૃન્દાવન



આજ અમે મથુરામાં શ્રીકૃષ્ણ ભગવાનના જન્મસ્થળનાં દર્શન કર્યા. અહીં આવીને મને ખૂબ જ સારું લાગ્યું. અહીંયાં આખા દેશમાંથી લોકો દર્શન કરવા આવ્યા હતા. અહીં અમે પ્રસાદ પણ આરોગ્યો. પછી વૃંદાવન પહોંચતા જ બધી જગ્યાએ શ્રકૃષ્ણ ભગવાનનું નામ સાંભળવા મળતું હતું. ઈસ્કોન મંદિરની મંગળ આરતીમાં વૈષ્ણોદેવીનાં દર્શન, ગોવર્ધન પર્વતની 12 કિલોમીટરની પરિક્રમાંનો આનંદ મેળવ્યો. હજારો લોકો પરિક્રમા કરી રહ્યા હતા. પુરી પરિક્રમા માર્ગમાં ક્રુષ્ણ નામના ભાવથી અને જયજયકારથી ગુંજી રહ્યા હતા. અહીંથી નીકળીને અમે દીદીમાંના વાત્સલ્ય ગ્રામનાં દર્શન કર્યા. અહીં શહીદ સંગ્રહાલયે મારા મનમાં ઉત્સાહ ભરી દીધો. ત્યાર પછી અમે પ્રેમમંદિરનાં દર્શન કર્યા અને ઈસ્કોન મંદિરની સંધ્યા આરતીમાં હરેકૃષ્ણા મહામંત્રની સાથે-સાથે ખૂબ ડાન્સ કર્યો. આખો દિવસ ભક્તિમય વાતાવરણથી રોમાંચિત થઈ ગયો.

**યશપાલ અશારી, ધોરણ -૯**

## પોલીસ સ્ટેશન



અમારી સ્કૂલમાંથી અમને શૈક્ષણિક પ્રવાસમાં દિલ્લી ખાતે લઇ જવામાં આવ્યા હતા. અમે ત્યાં એક પોલીશ સ્ટેશન જોવા ગયા હતા. આમ તો અમે સાંભળ્યું છે કે જે વ્યક્તિ એ ગુનો કર્યો હોય તે જ પોલીશ સ્ટેશનમાં જાય. પરંતુ અમને માત્ર જ્ઞાનાર્થે અને જાણકારી લેવાના હેતુસર ત્યાં લઇ જવામાં આવ્યા. આ પોલીસ સ્ટેશનનું નામ બહાદુરગઢ પોલીસ સ્ટેશન હતું. અમને ત્યાનાં પી.એસ.આઈ દ્વારા સમજ આપવામાં આવી કે કેવી રીતે કેસ દાખલ કરવામાં આવે છે અને કેવી રીતે એફ.આઈ.આર. દાખલ કરવામાં આવે છે? તથા અમને ત્યાંના અલગ અલગ ઓરડા વિશે સમજ આપી અને બતાવ્યું કે ત્યાં કેવા ગુનેગાર ને લાવવામાં અને રાખવામાં આવે છે. કયા ગુના માટે કઈ સજા લાગે અને આઈ.પી.સી. ની અલગ અલગ કલમ વિષે પણ અમને વિસ્તૃત જાણકારી આપવામાં આવી.

આપણે આપણા જીવનમાં ક્યારેય એવું કોઈ કામ નહિ કરીએ કે જેથી પોલીસ સ્ટેશનમાં જવું પડે. ખરેખર આ અનુભવ અમારા આખા ગ્રુપ માટે ખુબ રોમાંચક સાબિત થયો હતો.

પંકજ ખડિયા, **ધોરણ ૧૧**

### <u>વખાણ કરો</u>

- પ્રિય બોલો
- કોઈની ઈર્ષ્યા કે નિંદા ન કરો. તેનાથી હૃદય દુખ થાય છે. અને દુશ્મનાવટ ઉભી થાય છે.
- સાચી પ્રશંશા કરવાની આદત પાડો.
- સાચી પ્રશંસા કરવાથી બીજાઓને દિલ જીતી શકાય છે. અને આપણી વાત સરળતાથી માનવી શકીએ છીએ.

એટલા માટે એનો દિવસ-રાત સંચાલન કરતો કંટ્રોલ રૂમ મારે જોવા અને સમજવાની ઘણી ઈચ્છા હતી. સેન્ટ્રલ, વેસ્ટર્ન અને હરબર એવા ત્રણ લોકલ રૂટ છે. એમાં વેસ્ટર્ન રેલ્વેનો કંટ્રોલ રૂમ મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર અમે પહોંચ્યા. એક મોટા સભાખંડમાં મોટા પડદા પર વેસ્ટર્નલાઈનના લોકલ ટ્રેન લાઈવ ઈલેકટ્રોનિક ચર્ચગેટથી વિરાટ સ્ટેશન સુધીનો નકશો દેખાતો હતો. ત્યાંના અધિકારીએ વિસ્તારપૂર્વક અમને જાણકારી આપી. લોકલ ટ્રેન કયાં છે, રેડ સીગ્નલને કારણે ઊભી છે, કયા ફાટકો બંધ છે, વિશેષ પરિસ્થિતિમાં દરેક સ્ટેશનનો સીગ્નલ કંટ્રોલ અહીંથી જ કરવામાં આવે છે. તે બધું નકશામાં દેખાતું હોય છે. ઓસ્ટ્રેલિયાની જેટલી પણ આબાદી છે તેને લઈ જવા-લાવવાની કામગીરી વેસ્ટર્ન લાઈન એક દિવસમાં ૬૦ કિલોમીટર રુટ પર લગભગ ૧૩૦૦ ગાડીઓથી થાય છે. આ કઠીન કામ કંટ્રોલ રુમના પ્રભાવી નિયંત્રણ અને મેનેજમેન્ટ વગર અસંભવ જ છે.

વિપુલ દામા . ધોરણ-૧૧

## રાણી લક્ષ્મીબાઈ મુલીંચી સૈનિક શાળા



એન.ડી.એ. જોયા પછી સાંજે બહેનોના સૈનિક સ્કૂલમાં પહોંચ્યા. અહીં મહારાષ્ટ્ર રાજયના દરેક જિલ્લામાંથી લગભગ ૬૦૦ બહેનો ભણે છે. સ્કૂલના પરિસરને જોયા પછી અમે બહેનો દ્વારા પ્રસ્તુત શારીરિક કાર્યક્રમોની ઝલક દેખી. ઘોડેસવારી, ઘોડેસવારીમાં ઑબ્સ્ટિકલ્સ, આર્ચરી, કરાટે તથા કેટલાક ભયજનક ક્રિયાકલાપો જોયા. તે દેખતી વખતે અમને લાગી રહયું હતું કે જાણે રાની લક્ષ્મીબાઈ અને તેની સેનાની બહેનો જ શૌર્ય પ્રદર્શન કરી રહી હોય. સભાખંડમાં બહેનોએ યોગ પ્રદર્શન પણ કર્યું. અમારામાંથી કેટલાક ભાઈઓએ સ્કૂલ વિશે પોતાના અનુભવ સંભળાવ્યા. ત્યાં હાજર રહેલા મહારાષ્ટ્ર એજયુકેશન સોસાયટીના અધિકારીશ્રીઓએ અમારો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાલયના ભોજનાલયમાં બનેલું સ્વાદિષ્ટ મરાઠી ખાવાનું ખાઈને અમે ત્યાંથી નીકળ્યા.

નિતિન રાઠોડ, ધોરણ-૧૦

## અડલાબ ઈમેજિકા પાર્ક



પહેલા દિવસની મુંબઈ યાત્રા પછી અમારો આગામી દિવસ મસ્તીભર્યો રહયો. આખો દિવસ ઈમેજિકા પાર્કની અલગ-અલગ રાઈડસમાં ધમાચકડી કરવાનો રહયો. પ્રવેશ સમયે અમારા હાથ પર ટેગ બાંધવામાં આવી. અહીં અમારા માટે બધી રાઈડ તથા શો તૈયાર હતાં. ત્યાં સૌથી મોટી દેખાતી રાઈડ જોઈને અમે તો દંગ રહી ગયા. તેની સવારીમાં બે-બે વાર તો બિલકુલ ઉલટા-કુલટા થઈ જવાતું હતું. અમે તો ડરતા-ડરતા કતારમાં ઊભા રહયા, નંબર આવતાં જ અમે રાઈડમાં બેસી ગયા અને આગળની બે મિનિટ તો રૂંવાડાં ઊભા થઈ જાય તેવો અનુભવ થયો. જેને શબ્દમાં વર્ણવી ન શકાય. કેવળ પોતાનું મનોબળ મજબૂત કરીને જ બેસવાથી ખબર પડે કે કેટલો આનંદ આવે છે. આમ ઘણી બધી રાઈડોમાં બેઠા. ભોજન પછી અમને હોલમાં ફાઈવ-ડી, સેવન-ડી જેવા ઘણા શો બતાવવામાં આવ્યા. એક શો માં અમે પોતપોતાની શીટ ઉપર બેસી ગયા સીટ ઊંચી થઈ અને સામેના પડદા પર હેલીકોપ્ટર દ્વારા અમને પૂરા ભારતના દર્શન કરાવ્યા. એવું લાગતું હતું કે કાશ્મીર થી કન્યાકુમારી સુધી હેલીકોપ્ટરમાં બેસીને દર્શન કરી રહયા છીએ. દિવસ દરમ્યાન અજબગજબના સપનઓની દુનિયામાં ખોવાયેલા રહયા. ઈમેજિકાપાર્કમાં યાદગાર ફોટોગ્રાફી અને ગીફટ લઈને અમે પુના જવા માટે રવાના થયા.

ભાવેશ ડામોર, ધોરણ-૧૦

## નેશનલ ડીફેન્સ એકેડેમી (એન.ડી.એ.)



પૂનામાં યાત્રાનો ત્રીજો દિવસ સવારના ત્રણ વાગ્યાથી જ શરૂ થયો. સ્નાનવિધિ બાદ સૂર્યનમસ્કાર કરી અમે એન.ડી.એ.ની પાસીંગ આઉટ પરેડ(પી.ઓ.પી.) તથા એન.ડી.એ. પરિસર જોયા પછી સવારે ૫ વાગ્યે તૈયાર થઈ નીકળી પડયા. સવારે ૭:૩૦ વાગ્યે શરૂ

# મહારાષ્ટ્ર દર્શન

આ વર્ષે દિવાળીની રજાઓ પછી ધોરણ ૧૦ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે એક સોનેરી અવસર હતો - મહારાષ્ટ્ર દર્શન. રજાઓમાં ઘરે જવાના સમયે જ ઘણા ઉત્સાહમાં હતા કે ક્યારે રજાઓ પૂરી થાય અને ક્યારે પ્રવાસ શરૂ થાય.

નક્કી થયેલા કાર્યક્રમ અનુસાર નવેમ્બર માહિનામાં વિદ્યાર્થીઓનું એક ગ્રુપ સૈનિક સ્કૂલમાંથી બપોરે બે વાગ્યે બસ દ્વારા વડોદરા ગયું અને વડોદરાથી મુંબઈ જવા ટ્રેન દ્વારા રવાના થયું.

પ્રસ્તુત છે પ્રવાસના વિવિધ પ્રસંગો વિશે કેડેટ્સના અનુભવ –

